દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

સોમવાર ૫ ઓક્ટોબર, ૨૦૨૬

# કેપ્ટન સ્મીતને નેતન્યાહુ સન્માન આપે છે કારણ કે તેનામાં મોસાદ જેવી દિલેરી છે

મૂળ ભારતીય કેપ્ટન સ્મીત મચ્છરે જે રીતે ઇઝરાયેલ જતાં ફ્લાઇ દુબઇના વિમાનનો કબજો મોતની પરવા કર્યા વગર આતંકવાદી અલહમામીને નહીં સોંપી દુનિયાભરમાં દિલેરીનો પરિચય આપ્યો છે. જેનાથી ઇઝરાયેલીઓની છાતી તો ગદ્‌ગદ્ થઇ જ ગઇ છે પરંતુ નેતન્યાહુએ રવિવારે ફોન કરીને કેપ્ટન સ્મીતને ખૂબ સન્માન આપ્યું હતું. તેનું કારણ એ છે કે અગાઉ આતંકવાદીઓ યહુદી મુસાફરોથી ભરેલા એર ફ્રાન્સના વિમાનને હાઇજેક કરી યુગાન્ડા લઇ ગયા હતાં. ત્યારે આવી જ દિલેરી બતાવીને મોસાદ અને ઇઝરાયેલની આર્મીએ યુગાન્ડામાં જઇને યહુદીઓને છોડાવ્યા હતાં.

વાત 1976ની છે જ્યારે ઇઝરાયેલે એવું અશક્ય કામ કરી બતાવ્યું હતું જેનાથી આખી દુનિયા તેની કાયલ થઈ ગઈ હતી. આતંકવાદીઓએ ઇઝરાયેલથી ઉડાન ભરેલા એક પ્લેનને રસ્તામાં જ હાઇજેક કરી લીધું હતું. પ્લેનમાંથી ઇઝરાયેલી નાગરિકો સિવાય બાકીના તમામ મુસાફરોને ઉતારી દેવામાં આવ્યા હતા. તેમનું નિશાન માત્ર ઇઝરાયેલ હતું. ત્યારે મોસાદ સાથે મળીને ઇઝરાયેલી સેનાએ ‘ઓપરેશન થંડરબોલ્ટ’ ચલાવ્યું હતું અને યુગાન્ડાની ધરતી પરથી પોતાના 102 યહૂદી નાગરિકોને રેસ્ક્યૂ કર્યા. આ ઓપરેશનમાં બેન્જામિન નેતન્યાહૂના મોટા ભાઈ યોનાથન નેતન્યાહૂએ પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું. તેઓ આ ઓપરેશનનો હિસ્સો હતા. આજે ઇઝરાયેલમાં તેમને હીરો માનવામાં આવે છે. ઇઝરાયેલીઓ એક વાર ફરી યોનાથનના બલિદાનને યાદ કરી રહ્યા છે, કારણ કે પેલેસ્ટાઈન આતંકવાદીઓ સામેના યુદ્ધમાં 150 ઇઝરાયેલીઓ હમાસના કબજામાં હતાં.

તે સમયે હમાસ અને ઇઝરાયેલ વચ્ચેનું યુદ્ધ ખતરનાક વળાંક લઈ ચૂક્યું હતું. અમેરિકા પણ આ ભયાનક લડાઈમાં કૂદી પડ્યું હતું. તેણે પોતાના ઘાતક શસ્ત્રો અને મિસાઈલથી સજ્જ પ્લેન ઇઝરાયેલ મોકલ્યા હતાં. આગળ પણ વધુ મદદ કરવાની વાત કહી છે. હમાસ અને ઇઝરાયેલ વચ્ચેના યુદ્ધમાં ઓછામાં ઓછા 2300 લોકોએ જીવ ગુમાવી ચૂક્યા હતા. ઇઝરાયેલ પોતાના નાગરિકોને છોડાવવા માટે ટૂંક સમયમાં જ જમીન પર મોટા ઓપરેશનની તૈયારી કરી રહ્યું છે. આ દરમિયાન ઇઝરાયેલમાં વડાપ્રધાન નેતન્યાહૂના મોટા ભાઈ યોનાથન (યોની) નેતન્યાહૂની યાદ તાજી થઈ ગઈ છે, જ્યારે 1976ના ‘ઓપરેશન થંડર બોલ્ટ એટલે કે ઓપરેશન એન્ટેબે’માં સેનાએ 102 યહૂદી બંધકોને બચાવ્યા હતા.

4 જુલાઈ, 1976ના રોજ યોની નેતન્યાહૂ, જેઓ પહેલાથી જ ઇઝરાયેલી સેનામાં એક સન્માનિત અધિકારી હતા, તેમણે આ મિશનનું નેતૃત્વ કર્યું હતું. આ ઓપરેશનને ‘થંડરબોલ્ટ’ અથવા ‘એન્ટેબે’ નામ આપવામાં આવ્યું હતું. વાત રવિવાર 27 જૂનની છે જ્યારે એર ફ્રાન્સ ફ્લાઇટ 139 એ તેલ અવીવથી ઉડાન ભરી હતી. મુસાફરી પેરીસ સુધીની હતી, પરંતુ પહેલો સ્ટોપ એથેન્સમાં હતો. જર્મન બાડર-મેનહોફ આતંકવાદી જૂથ સાથે જોડાયેલા વિલ્ફ્રેડ બોસ અને બ્રિગિટ કુહમેન ‘પોપ્યુલર ફ્રન્ટ ફોર ધ લિબરેશન ઓફ પેલેસ્ટાઇન’ના બે આતંકીઓ ગ્રીસમાં મુસાફરોના વેશમાં સવાર થયા અને પ્લેનને હાઇજેક કરી લીધું. આ આતંકવાદીઓએ પ્લેનને લીબિયાના બેનગાઝીમાં ઉતાર્યું અને તેમાં બળતણ ભર્યું.

આતંકીઓ પ્લેનને હાઇજેક કરીને યુગાન્ડા લઈ ગયા. તે સમયે યુગાન્ડા સરમુખત્યાર ઈદી અમીનના શાસન હેઠળ હતું, જે પેલેસ્ટાઇનનો મજબૂત સમર્થક હતો. આતંકવાદીઓએ વિમાનના 258 મુસાફરોમાંથી જે લોકો ઇઝરાયેલી કે યહૂદી નહોતા લાગતા તેમને મુક્ત કરી દીધા અને બાકીના લોકોને બંધક બનાવી લીધા. તેમની માંગણી ઇઝરાયેલ, કેન્યા, પશ્ચિમ જર્મની અને અન્ય કેટલાક દેશોની જેલોમાં બંધ 53 આતંકવાદીઓને મુક્ત કરવાની હતી. જવાબમાં, ઇઝરાયેલે ચાર હરક્યુલસ વિમાનોમાં લગભગ 200 સૈનિકોનું એક કમાન્ડો ગ્રુપ મિશન પર મોકલ્યું. ઇઝરાયેલી કમાન્ડોએ તે ટર્મિનલ તોડી નાખ્યું જ્યાં બંધકોને રાખવામાં આવ્યા હતા. મિશનના જાંબાઝો 102 લોકોને બચાવવામાં સફળ રહ્યા અને તમામ આતંકવાદીઓ તથા ડઝનબંધ યુગાન્ડાના સૈનિકોને મારી નાખ્યા. ગોળીબારમાં ત્રણ બંધકોના મોત થયા હતા. આ હુમલા દરમિયાન યોની નેતન્યાહૂ પણ માર્યા ગયા હતા. તેમના સન્માનમાં આ ઓપરેશનને ‘ઓપરેશન યોનાથન’ નામ આપવામાં આવ્યું.

## આજનો શબ્દ : ખૂંખાર

આ શબ્દ મૂળ ફારસી (પર્શિયન) માંથી ગુજરાતીમાં આવ્યો છે. આ એક સામાસિક શબ્દ છે. ખૂન: જેનો અર્થ છે લોહી. ખ્વાર: જેનો અર્થ થાય છે પીનાર અથવા વહાવનાર (ભક્ષણ કરનાર). સમય જતાં ગુજરાતી અને હિન્દીમાં તે અપભ્રંશ થઈને (ઉચ્ચારણ સરળ બનવાને કારણે) ખૂનખ્વારમાંથી ‘ન’ અને ‘વ’નો લોપ થયો અને ‘ખૂંખાર’ પ્રચલિત થયો. આજે આ શબ્દ વિશેષણ બની ગયો છે જેમ કે ‘ખૂંખાર ડાકુ કે પ્રાણી.’

શબ્દ પ્રકાશ

## વચન

**જે બુદ્ધિમાન વ્યક્તિ હોય તેને સૌથી વધારે ક્રોધ સમયના બગડવા પર આવતો હોય છે.**

– દાંતે અલીઘિઅરી

ઈટાલિયન કવિ (મૃત્યુ ૧૩૨૧)

**પ્રેમ જેવી કોઈ વસ્તુ નથી હોતી ફક્ત પ્રેમના પ્રમાણ હોય છે. હું મારા હૃદયમાં ગમે તેટલો પ્રેમ અનુભવું પણ બીજાને તો ફક્ત હું જે કાંઈ વર્તન કરું એ જ દેખાશે.**

– પિયરે રેવર્ડી

## હું પૂછું, તમે કહો

**(૧) એકાંકીકાર, વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર, અનુવાદક, સંપાદક, વિવેચક હોવા ઉપરાંત મહાગુજરાતની લડતના અગ્રણી અને ૧૯૫૭માં વિધાનસભામાં ચૂંટાઈ આવનાર ગુજરાતી સાહિત્યકાર કોણ છે?**

(ક) ઉમાશંકર જોશી (ખ) ‘દર્શક’

(ગ) શેખાદમ આબુવાલા (ઘ) જયંતી દલાલ

**(૨) કવિ તરીકે જાણીતા હરીન્દ્ર દવેએ લખેલી કેટલીક નવલકથાનાં નામ અહીં આપ્યાં છે પણ એક નામ હરકિસન મહેતાની નવલકથાનું છે. તો એ નામ કયું છે?**

(ક) સંગ વિસંગ (ખ) લોહીનો રંગ લાલ

(ગ) લય પ્રલય (ઘ) મુખવટો

**(૩) ‘કેવો તું કિંમતી હતો સસ્તો બની ગયો બનવું હતું નહીં ને શિરસ્તો બની ગયો ગાંધી તને ખબર છે કે તારું થયું છે શું? ખુરસી સુધી જવાનો તું રસ્તો બની ગયો.’ - આ મુક્તક એક બહુ જાણીતા ગઝલકાર, નવલકથાકારે લખ્યું છે. કહો શું તેમનું નામ?**

(ક) અમૃત ‘ઘાયલ’ (ખ) શેખાદમ આબુવાલા

(ગ) દિલીપ મોદી (ઘ) ખલીલ ધનતેજવી

**(૪) ‘ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે, ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે!’ ગઝલ લખનાર ગઝલકાર જે મૂળ નડિયાદના વતની હતા અને ગુજરાતીમાં ગઝલના આદ્યપ્રવર્તક ગણાયેલા. કહો કોણ?**

(ક) બાલાશંકર કંથારિયા (ખ) શયદા

(ગ) આસીમ રાંદેરી (ઘ) કલાપી

**(૫) ‘હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી’ જેવું આદેશાત્મક સૂત્ર ‘સાર્થ ગુજરાતી જોડણીકોશ’ના આરંભે અપાયેલું. એ સૂત્ર કોણે આપેલું?**

(ક) કે. કા. શાસ્ત્રી (ખ) કનૈયાલાલ મુનશી

(ગ) હરિવલ્લભ ભાયાણી (ઘ) ગાંધીજી

જવાબ

૧-ઘ, ૨-ખ, ૩-ઘ, ૪-ક, ૫-ઘ

# વાલ્મીકિ ‘રામાયણ’ના રસ-ભાવ સાથે છલકતા અનુવાદ સાથે અધ્યયનની ચમત્કૃતિ

‘રામાયણ’ ભારતીય મનની માટી છે અને માટીમાંથી પિંડ બનાવી અનેકોએ પોતપોતાને ગમતી મૂર્તિ બનાવી છે. તુલસીકૃત ‘રામાયણ’ કદાચ સૌથી વધુ લોકપ્રિય છે અને પછી તો ‘કમ્બ રામાયણ’ (તમિલનાડુ), ‘એઝુથાચન રામાયણ’ (કેરળ) સહિત સાડા ત્રણસોથી વધુ રામાયણ છે. આ બધાં રામાયણનો મુખ્ય આધાર તો વાલ્મીકિકૃત ‘રામાયણ’ જ છે પણ મૂળમાંથી સર્જાયેલાં રૂપોની લીલામાં સહુ પોતપોતાની રીતે ખોવાયા અને ‘રામાયણ’ના આદ્ય-રૂપ, આદ્ય ઋષિ કવિ વાલ્મીકિજીને જ જાણે ભૂલી ગયા. કોઈને નવાઈ લાગી, આ સહુને નવાઈ લાગવી જોઈએ કે મૂળ વાલ્મીકિ ‘રામાયણ’નો જ પાઠ આપણી પાસે ન હતો. એમ. એસ. યુનિ. વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિરે ગુજરાતના (એક મહારાષ્ટ્રના) આરૂઢ વિદ્વાનો દ્વારા 1950 થી 1975નાં સમયગાળામાં વાલ્મીકિ રામાયણની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરાવી. સંસ્કૃત જગતને ગુજરાતનું મોટું પ્રદાન કહી શકાય એવી આ આવૃત્તિનો સમગ્ર દેશની કોઈ પણ પ્રાદેશિક ભાષામાં અનુવાદ જ ન થયો. સીધો અંગ્રેજીમાં થયો. આ તો ગુજરાતના સંસ્કારજગતને આઘાત આપે એવી વાત કહેવાય કે ગુજરાતમાં જ જે વાલ્મીકિ રામાયણની સમીક્ષિત આવૃત્તિ તૈયાર થઈ તેનો ગુજરાતીમાં પણ અનુવાદ ઉપલબ્ધ ન થયો. પણ હવે ગુજરાતી ભાષાના અનુવાદ સાહિત્યમાં 18766 શ્લોકો ધરાવતી સમીક્ષિત આવૃત્તિનો અનુવાદ વિજય પંડ્યા જેવા વિલક્ષણ અધ્યેતા વડે ઉપલબ્ધ થઈ રહ્યો છે. તેના બધા કાંડ ઉપલબ્ધ થવામાં છે પણ અત્યારે ચાર કાંડ જેમાં 9643 શ્લોકોનો અનુવાદ ચાર કાંડ (ગ્રંથ)માં ઉપલબ્ધ છે. રામાયણના સાત કાંડ છેઃ બાલકાંડ, અયોધ્યાકાંડ, અરણ્યકાંડ, કિષ્કિન્ધાકાંડ, સુંદરકાંડ, યુદ્ધકાંડ અને ઉત્તરકાંડ. ચાર કાંડ પછી હવે કિસ્કિંધા કાંડ આ વર્ષના અંતમાં પ્રગટ થશે. યુદ્ધ કાંડ અને ઉત્તરકાંડના અનુવાદ થઈ ગયા છે. વિજય પંડ્યા અત્યારે 83 વર્ષના છે અને તેમની ચૈતન્ય-ઊર્જા રામાયણ અનુવાદના અનુષ્ઠાનમાં સક્રિય છે. અત્યાર પહેલાં મુદ્રારાક્ષસ, મત્તવિલાસ, ભગવદજ્જુકીયમ, દૂતવાક્ય, કર્ણભાર, ચૌરપંચાશિકા, મણિશ્વેતા વૃત્તાન્ત, કુમારસંભવ સર્ગ જ ઉપરાંત સંસ્કૃત સાહિત્યના અન્ય ઉત્તમને ગુજરાતીમાં આપી ચૂકેલા વિજય પંડ્યાએ વાલ્મીકિ ‘રામાયણ’ની સમીક્ષિત આવૃત્તિનો અનુવાદ કરવો પસંદ કર્યો તે મહાકાર્ય કહેવાય. પણ આ અનુવાદ નિમિત્તની અન્ય અને વિશેષ ઉપલબ્ધિ દરેક કાંડની સુદીર્ઘ, અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના છે. બાલકાંડની પ્રસ્તાવના 9 ખંડ-વિભાજન વડે 114 પાનાની થઈ છે : 1. રમ્યા રામાયણી કથા 2. સંસ્કૃત સાહિત્યમાં રામાયણ 3. આદિકવિ વાલ્મીકિ 4. રામાયણઃ ઈતિહાસ અને ઐતિહાસિક 5. રામાયણની આધારસામગ્રી 6. રામાયણનું સાહિત્ય સ્વરૂપ 7. રામાયણમાં મુખ્ય પ્રક્ષેપો 8. બાલકાંડઃ કથાસાર 9. બાલકાંડઃ સમીક્ષિત સમ્પાદન. આ ખંડવિભાજન પરથી સમજાશે કે રામાયણના માત્ર અનુવાદને આ અનુવાદક નથી તાકી રહ્યા બલ્કે રામાયણ નિમિત્તે તેઓ જે પ્રકારના અધ્યયનની જરૂર છે તે બધામાં ઊંડું અવગાહન




**પુસ્તકઃ** વાલ્મીકિ રામાયણ (ચાર કાંડ) **અનુવાદ/અધ્યયનઃ** વિજય પંડ્યા **પ્રકાશકઃ** પાર્શ્વ પ્રકાશન. ૧૦૨, નંદન કોમ્પ્લેક્ષ, મીઠાખળી ગામ, અમદાવાદ-૩૮૦૦૦૬ **મૂલ્યઃ (દરેક કાંડ રૂ. ૬૦૦ દીઠ)**

અક્ષરની આરાધના

સંપાદનઃ બકુલ ટેલર

કરે છે. 114 પાનાની બાલકાંડની પ્રસ્તાવનામાં વાલ્મીકિ રામાયણ વિશ્વસાહિત્યમાં શું સ્થાન ધરાવે છે તે પણ સમજાશે. સંસ્કૃત સાહિત્યમાં રામાયણની વાત કરે ત્યારે 13 મી કે 14 મી સદીના બૃહદ્ધર્મપુરાણમાં ‘રામાયણ’નું વિસ્તારથી નિરૂપણ થવાની નોંધ ઉલ્લેખે છે ને આગળ કહે છે કે પુરાણ સાહિત્યમાં ભાગ્યે જ એવું કોઈ પુરાણ હશે કે જેમાં રામાયણનો સાર અથવા ઉલ્લેખ ન હોય. હજુ પછીની નોંધમાં તો ઉમેરે છે કે ‘રામાયણ પર આધારિત સાહિત્યની ગણતરી જ થઈ

એમ નથી, આ તો ફક્ત સંસ્કૃત ભાષામાંના રામકથાના પ્રભાવની વાત થઈ! એ જ રીતે તેમણે વાલ્મીકિ મહિમામાં જે અધ્યયન ઉમેર્યું છે તે તમને વિજય પંડ્યાની સજ્જતાનાં ક્ષેત્રો કેવાં વિસ્તારેલાં છે તેનો અનુભવ કરાવશે. થાય કે તેઓ સ્વતંત્ર રીતે વાલ્મીકિ ચરિત લખે તો બહુ બધું સાંપડે. બધું વિગતે કહેવામાં વિસ્તારનો ભય છે પણ પરિશિષ્ટ-1માં રોબર્ટ ગોલ્ડમૅન કે જેમણે અંગ્રેજીમાં બાલકાંડની પ્રસ્તાવનામાં વચનો કહ્યાં છે તે ખૂબ મહત્ત્વનાં છે, ‘અમે માનીએ છીએ કે, આ સમીક્ષિત આવૃત્તિ આપણને એવા વાલ્મીકિ રામાયણને સંપડાવે છે કે જે સૌથી વધુ એકવાક્યતા ધરાવનારું, તાર્કિક અને પ્રાચીન છે, જે અન્ય સંસ્કરણોને આધારે સંશોધિત અને શુદ્ધિકૃત સર્વસાધારણ અને મૌખિક સ્રોતથી ઉદ્ભવેલું છે.’

જે ચાર કાંડ પ્રગટ થયા છે તેમાંના સુંદરકાંડની તો ત્રણ આવૃત્તિ પણ પ્રગટ થઈ ચૂકી છે પણ ફરી વિશેષની નોંધ કરતાં કહેવું પડે કે દરેકની પ્રસ્તાવના સૌથી વધારે પૃષ્ઠની હોય અને ઊંડા તેમજ વ્યાપક અભ્યાસ વડે ખંડ વિભાજન વડે સંપાદનના શિષ્ટને ચુસ્તતાથી અપનાવતી હોય. આ ચારે ગ્રંથોમાં જે અનુવાદ પ્રાપ્ત થાય છે તે મૂળ સંસ્કૃત તત્સમના ભાર વિના સહજ-સ્વાભાવિક ગુજરાતી ગદ્ય પુલકિત છે. ઘણી વાર સંસ્કૃતમાંથી અનુવાદ કરનારા જાણે દેવભાષાનો દ્રોહ ન હોય તેવા ડરે ગુજરાતી કરતી વેળા બ્રાહ્મણી સંસ્કૃત અપનાવે છે. વિજય પંડ્યાનો અનુવાદ દરેક ગુજરાતીને ગ્રાહ્ય બને તેવો ને રસબોધથી સભર છે. સુંદરકાંડમાં તેમણે રામાયણમાં મુખ્ય પ્રક્ષેપોનીય નોંધ કરી છે જેમ કે, ‘બાલકાંડમાં લક્ષ્મણનો ઊર્મિલા સાથે વિવાહ થાય છે, પણ અરણ્યકાંડમાં તેમને અવિવાહિત બતાવાયા છે’ યા ‘કિષ્કિન્ધા કાંડમાં રામનો અવતાર તરીકે કોઈ નિર્દેશ નથી’ કે પછી ‘રામાયણમાં રામ પોતે અવતાર છે એ વાતથી પરિચિત નથી, સીતા પણ પોતાને સાધારણ સ્ત્રી સમજે છે, લક્ષ્મણ પણ રામના અવતારથી પરિચિત નથી’. વાત એમ છે કે આ અનુવાદ ગ્રંથો કહેવાશે પણ ફક્ત અનુવાદ આપવાનો હેતુ જ નથી. ડો. વિજય પંડ્યાનું સંસ્કૃત સાહિત્યનું વર્ષોનું જે તપ છે અને સમાંતરે અંગ્રેજી, ગુજરાતી ભાષાના સાહિત્ય અધ્યયનથી જે રસાનુભવ પ્રાપ્ત કર્યો છે તે બધું રસાયને આ ગ્રંથોને સમૃદ્ધ કરે છે. વાલ્મીકિ ‘રામાયણ’ના કાંડમાં પ્રથમ સુંદરકાંડ તો 1997માં પ્રકાશિત થયેલો. કહી શકાય કે વીત્યાં ત્રીસથી વધુ વર્ષથી આ અનુવાદ ચાલે છે. વિજયભાઈએ એક નિવેદનમાં આત્મકથનભાવે કહ્યું છે કે, ‘સાહિત્યવિદ્યા મારા જીવનનો એક રાગ-આવેગ છે, એક પ્રેરક બળ છે.’ આ ચારે ગ્રંથો ‘રામાયણ’નાં ભાવકોને તૃપ્ત કરશે અને ‘રામાયણ’ નિમિત્તે જન્મેલી સંસ્કૃતિ અને પરંપરા કેવી છે તેનો રસાનંદ કરાવશે. રામ અને ‘રામાયણ’ સર્જક પાત્રો, પ્રસંગોનું વાલ્મીકિએ સર્જેલું રૂપ જાણવું અનિવાર્ય સમજવું જોઈશે. આ આદિકાવ્ય છે ને વાલ્મીકિ આપણા આદિકવિ છે. વિજય પંડ્યા પોતે જ કહે છે કે, ‘વાગ્દેવતાને મારી માતૃભાષામાં એક અંજલિ હું અર્પી શક્યો એવી અનુભૂતિ થઈ.’ વાચકને પણ એ અનુભૂતિ થશે.

**નોંધઃ ‘કિષ્કિન્ધાકાંડ’ પણ પ્રગટ થઈ ચૂક્યો છે.**

# ગાલિબની જિંદગીને ગહેરાઈથી કહેતી ‘ગલી કાસિમ જાન’

જે રીતે ‘દેવદાસ’ કોઈ નવલકથાનું માત્ર પાત્ર નથી એ જ રીતે ગાલિબ માત્ર કોઈ ગઝલકારનું નામ નથી. યાદ કરો ને તેની સાથે એક આખા સમયનો સંઘર્ષ અને તેની સાથે પોતાની રીતે ઝૂઝતા ચિત્તના તેઓ પ્રતીક છે. ગાલિબની શાયરી લોકમનમાં એ રીતે ઊતરી ગયેલી છે કે કોઈ વાત વધારે સારી રીતે કહેવી હોય તો તેમનો શેર કહેવો પડેઃ

*કૈદે-હયાત-ઓ-બંદે-ગમ અસ્લ મેં*
*દોનોં એક હૈં*
*મોત સે પહેલે આદમી ગમ સે*
*નિજાત પાએ ક્યોં*

--- --- ---

*હમ વહાં હૈં જહાં સે હમ કો ભી*
*કુછ હમારી ખબર નહીં આતી*
*પહેલે આતી થી હાલે-એ-દિલ પે*
*હંસી, અબ કિસી બાત પર નહીં*
*આતી*

જેમ ટાગોર-પ્રેમચંદ વિના ભારતને ઓળખાવી ન શકાય તેમ ગાલિબ, મીર છે પણ ભારતની ઓળખના રંગ છે. તમને અલી સરદાર ઝાફરીના ‘દિવાન-એ-ગાલિબ’માં, અલ્તાફ હુસૈન હાલીના ‘યાદગારે ગાલિબ’માં, ગોપીચંદ નારંગના ‘ઉર્દૂ પર ખૂલતા દરિયા’માં ગાલિબ મળી આવશે પણ ગાલિબના જીવનચરિત્રને જાણવાનો એક શ્રેષ્ઠ તરીકો વિનોદ ભારદ્વાજ લિખિત ‘ગલી કાસિમ જાનઃ જિંદગીનામા મિર્ઝા ગાલિબ’ છે. વિનોદ ભારદ્વાજ વિત્યા ચાર દાયકાથી પત્રકારત્વ સાથે લેખન અને કલામાં સક્રિય છે. ગાલિબના જીવનનો એક પરિચય પુસ્તકની ટી.વી. શ્રેણીમાં છે પણ આ પુસ્તક વધારે ઊંડાણ સાથે તમને ગલી કાસિમ જાનમાં લઈ જશે. મિર્ઝા અસદઉલ્લાહ ખાન ‘ગાલિબ’- એ મશહુર છે પણ તેમને કેટલાં જીવનભર કેવાં કેવાં દુઃખ રહ્યાં તે કોણે જાણ્યાં? આજે એ દુઃખો પણ અફસાનામાં ફેરવાઈ ગયાં છે પણ તેને ગાલિબે તેને જે રીતે જીવવાનું આવ્યું તે તો અફસાના નથી. ગાલિબે હંમેશા શરાબ પીધી. એક વાર અંગ્રેજ અધિકારી સામે ઊભા રહી જવાબ આપવાનો વારો આવ્યોઃ

» તમે મુસલમાન છો.

» જી અડધો મુસલમાન છું

» આનો શું મતલબ?

» શરાબ પીઉં છું, સુવર નથી ખાતો.




ઓળખવા મથનાર સહુ ગાલિબ પાસે આવી ભૂલી જતા કે કઈ રીતે ઓળખવા? દિલ્હી સાથે બહાદુરશાહ ઝફર યાદ આવે પણ ગાલિબના દુઃખનું શું, જે અંગ્રેજો સામે મુગલ સલ્તનતને ખતમ થતી જોઈ શક્યા ન હતા. મુગલ સલ્તનત એટલે ભારતની એક સલ્તનત જેને અંગ્રેજો ગ્રસી રહ્યા હતા. ગાલિબની પ્રેમકથા છે પણ તેમાં રાજકીય સ્વતંત્રતા અને તેના વડે એક આખા સમાજ, સંસ્કૃતિ ખતમ થવાની પીડા હતી. વિનોદ ભારદ્વાજે એકથી વધારે દૃષ્ટિબિંદુથી ગાલિબ અને તેના સમયનું આ પુસ્તકમાં આલેખન કર્યું છે. જો તમે ગાલિબના રસિયા છો તો ‘ગલી કાસિમ જાન’ તમારે માટે જરૂરી છે. આંખથી લોહી ટપકાવતા આ જિંદગીનામામાં ગાલિબનું જીવન તમને હચમચાવશે અને તેને જોવાનો નવો દૃષ્ટિકોણ આપશે. આત્મમંથનાત્મક શૈલીમાં લખાયેલા આ જિંદગીનામામાં જ અધિકૃતતાનું બળ છે. ગાલિબ સ્વયં એને પોતાની કહાણી કહે છે.

**પુસ્તકઃ** ગલી કાસિમ જાનઃ જિંદગીનામા મિર્ઝા ગાલિબ (જીવનચરિત્ર) **લેખકઃ** વિનોદ ભારદ્વાજ **પ્રકાશકઃ** સંવાદ પ્રકાશન, આઈ-૪૯૯, શાસ્ત્રી નગર, મેરઠ-૨૫૦૦૦૪ ઉત્તર પ્રદેશ **મૂલ્યઃ ૪૦૦/-**

# અંગતતાનો મહિમા કરતી આત્મકથા

કોણે આત્મકથા લખવી કે ન લખવી, કોનું જીવનચરિત્ર લખાવું જોઈએ, કોનું નહીં - એ નક્કી કરવું સરળ નથી. કોઈને લાગે કે હું જે જીવ્યો (યા જીવી) તેમાં એવા કથાતત્ત્વ છે જે વાચક માટે જ્ઞાનબોધ, વિચારબોધ, ચિંતનબોધ બની શકે છે. જેને એવું લાગ્યું તેનો તર્ક તો તેમનો પોતાનો, અંગત હોવાનો. જો એ આત્મકથાના પ્રકાશક પોતે જ હોય તો તો બીજા શું કહી શકે? ને હવે તો અનેક પ્રકાશકો પૈસા લઈને પુસ્તકો પ્રકાશિત કરી આપે છે.

ડો. મેરુ વાઢેળ કોઈ જાહેર પ્રતિભા નથી. વ્યારાની કૉલેજના ગુજરાતીના અધ્યાપક ડો. મેરુ વાઢેળે કુલ્ફીના ડબ્બા, ભંગારની રેકડી, કટલરીના થેલા અને ખેતી સહિતનાં કાર્યો કરતા પોતાની મહેનતે અધ્યાપન વ્યવસાય સુધી પહોંચ્યા છે. શ્રમજીવી કુટુંબના હો અને કુટુંબના કોઈનો જેમાં પ્રવેશ ન હોય તેવું લક્ષ્ય વિચારો તો પડકાર આવી ઊભે.

વણકર પરિવારના મેરુભાઈએ ‘જિંદગીઃ એક ચેલેન્જ’ નામે લખેલી આત્મકથામાં તેમણે માણેલા, અનુભવેલા પડકારો અને તેમાંથી પાર પડવાની કથા છે. માત્ર સાડા ચાર વર્ષની ઉંમરે પિતા ગુમાવતાં મા અને મામા વડે ઉછરેલા અને આપબળ કેળવતા લક્ષ્ય પ્રાપ્ત કરનારા ડો. વાઢેળના જીવનમાં આમ તો કશી અસામાન્યતા નથી. જે સંઘર્ષ અને પડકાર અનુભવ્યો તે અનેક ભારતીયોનાં જીવનમાં અનુભવાશે પણ આ અસામાન્યતા ન હોવાથી સંઘર્ષ ન અનુભવાય એવું તો નથી! ડો. વાઢેળના કથનમાં એવા ઘણાને સ્મૃતિસુખનો અનુભવ થશે જેઓ ગ્રામ્યજીવન જોઈ શક્યા છે.




ગામડાંના જીવનમાં જીવતરના પાઠ અને બોધ ઘર-મોસાળનાં વડીલો પાસેથી જ મળે અને જીવનમૂલ્યો ઘડાતાં જાય. યુનિવર્સિટી ગોલ્ડમેડાલિસ્ટ એવા યુવાન અંબુજીની જી.ડી.સી. કંપનીમાં મેશન તરીકે કાર્ય કરે અને આગળ ભણવાનો ખંત રાખીને, કુટુંબનાં સામાજિક કાર્યોમાં પોતાની ભૂમિકા જુએ તેમાં જ પડકાર છે. એમ.એ. સુધી પહોંચતાં જાણીતા સાહિત્યકારોનાં સાન્નિધ્યે પામેલા ડો. વાઢેળ અમૃત ‘ઘાયલ’, રમેશ પારેખ, શ્યામ સાધુ, સંજુ વાળા, મનોજ ખંડેરિયા જેવા અનેક પાસે કાવ્યરસ પામ્યા છે. કેવા અધ્યાપક થવું તેની સજ્જતા આવી બેઠકોમાંથી પણ પ્રાપ્ત થાય છે. અલબત્ત, આ ‘સજ્જતા’નાં ધોરણ પણ દરેકની સજ્જતા આધારે હોય છે. ‘જિંદગીઃ એક ચેલેન્જ’ શીર્ષકને કોઈ બહુ મોટી પ્રતિભા સાથે સાંકળવા જેવું નથી. ડો. મેરુ વાઢેળ તમે ઘરની બહાર નીકળી ચાલતાં હો તો સામે મળી જતાં, કોઈ વાતે થાકી જતાં,

દેવ-દેવી સામે ધર્મભાવથી ઝૂકી જતાં, કાર ખરીદવાની વેળા આવે તો મોટું એચિવમેન્ટ માનતા વ્યક્તિ પૈકીના એક છે. તેમણે તેમના લગ્નજીવનની વાત પણ બહુ રસપૂર્વક લખી છે.

તેમના સમાજમાં મામાની દીકરી સાથે પરણી શકાય અને મામાની દીકરી ગમતી હોવાથી તેની સાથે પરણેલા મેરુ વાઢેળે પત્નીની એક સરસ વાત નોંધી છે કે, ‘આપણે રાણી થવું હોય તો પતિને રાજા બનાવવો પડે’! કહેવાનું એ કે આ આત્મકથાનો વિશેષ જ એ છે કે તેમાં બહુ ઓછા વિશેષ છે. મેરુભાઈને પોતાની આત્મકથા લખવા સમી લાગી અને લખી. તમને વાંચવા સમી લાગે તો વાંચી શકો છો. વાંચતાં વાંચતાં સમજાશે કે ડો. વાઢેળે આત્મકથા લખવી જોઈતી હતી કે નહીં!

**પુસ્તકઃ** જિંદગીઃ એક ચેલેન્જ (આત્મકથા) **લેખકઃ** ડો. મેરુ વાઢેળ **પ્રકાશકઃ** ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ **કિંમતઃ રૂ. ૨૦૦/-**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ખાંડનો કુદરતી વિકલ્પ શોધાયો

કચ્છ યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગના પ્રોફેસર ડૉ. વિજય રામના માર્ગદર્શન હેઠળ સંશોધકોએ સ્ટીવિયાના છોડમાંથી મળતા કુદરતી ગળપણનો ઉપયોગ કરીને ખાંડનો વિકલ્પ તૈયાર કરવાની નવી પદ્ધતિ વિકસાવી છે. સ્ટીવિયા ઔષધીય ગુણો ધરાવતો બારમાસી છોડ છે. તેનાં પાનમાં કુદરતી મીઠાશ આપતાં તત્ત્વો છે. ડાયાબિટીસના દર્દીઓને ખાંડનું સેવન મર્યાદિત પ્રમાણમાં કરવું પડતું હોય છે, તેથી સ્ટીવિયામાંથી બનાવેલું સ્વીટનર અત્યંત ઉપયોગી થશે. સ્ટીવિયાના પાનમાંથી બનાવેલા સ્વીટનરમાં ખાંડ કરતાં ૨૦૦થી ૩૦૦ ગણી મીઠાશ હોય છે, છતાં તે બ્લડ સુગરને અસર કરતું નથી. વળી, તેમાં કેલરીનું પ્રમાણ નહિવત્ હોય છે. તેથી ભવિષ્યમાં આ ટેક્નોલોજીથી બનાવેલું સ્વીટનર ડાયાબિટીસના દર્દીઓ માટે આશીર્વાદરૂપ બની શકે છે! આ સંશોધનમાં સ્ટીવિયાના પાનમાંથી મળતાં મીઠાશવાળાં તત્ત્વોને શુદ્ધ સ્વરૂપમાં તૈયાર કરવામાં આવ્યાં છે. તેને અન્ય જરૂરી ઘટકો સાથે ભેળવીને કુદરતી સ્વીટનરનું ફોર્મ્યુલેશન તૈયાર કરાયું છે. આ સ્વીટનરનું વૈશ્વિક બજાર લગભગ ૧ અબજ ડોલરનું છે અને તે પ્રતિ વર્ષ ૧૦થી ૧૨ ટકા વધશે. ભારતમાં ૨૦૩૪ સુધીમાં આનું બજાર ૧૧૨૦ કરોડ રૂપિયા સુધી પહોંચશે!

**સુરત - ડૉ. કિરીટ એન ડુમસિયા**

## દેશપ્રેમ અને હિંમતની વાત છે!

વિપરીત પરિસ્થિતિમાં પણ હિંમત ન હારવી એ જ સાચી બહાદુરી છે. તા. ૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ તેલ અવીવ જતી એક ફ્લાઈટમાં બનેલી ઘટનાએ આ વાત સાબિત કરી. ૩૦ હજાર ફૂટની ઊંચાઈએ ફ્લાઈટમાં અચાનક હિંસક પરિસ્થિતિ સર્જાઈ હતી. ઓમાનના સહપાયલોટે ભારતીય પાયલોટ સ્મિત મરછર પર ચાકુથી હુમલો કરી તેમને ઘાયલ કર્યા. લોહીલુહાણ હાલતમાં હોવા છતાં સ્મિત મરછરે હિંમત ન હારી. તેમણે પરિસ્થિતિનો સામનો કર્યો અને કોકપીટમાં રહેલા અન્ય લોકોની મદદથી હુમલાખોરને કાબૂમાં લેવામાં આવ્યો. ઈઝરાયેલી પાયલોટ, ડેન્ટિસ્ટ સહિતના લોકોએ પણ આ સંકટની ઘડીમાં સહયોગ આપ્યો. અંતે ફ્લાઈટ સુરક્ષિત રીતે ઉતારવામાં આવી અને મુસાફરોના જીવ બચી ગયા. સ્મિત મરછરને સારવાર માટે અબુધાબી લઈ જવાયા હતા. તેમની બહાદુરીની દેશ-વિદેશમાં પ્રશંસા થઈ. કપરા સમયે પોતાની સલામતી કરતાં મુસાફરોની સુરક્ષાને પ્રાથમિકતા આપવી એ અસાધારણ કર્તવ્યનિષ્ઠા છે. આવી હિંમતને કોઈપણ ભેદભાવથી ઉપર રાખીને બિરદાવવી જોઈએ. કારણ કે જ્યારે કોઈ વ્યક્તિ અનેક નિર્દોષ લોકોના જીવન માટે જોખમ સામે ઊભી રહે છે, ત્યારે તેની બહાદુરીને સલામ કરવી એ આપણી સૌની જવાબદારી છે.

**સુરત - જયા રાણા**

## ગુજરાતી ગઝલોની પેરોડી બંધ થવી જોઈએ..

ગુજરાતી ગઝલક્ષેત્ર અનેક અમર રચનાઓથી સભર અને સમૃદ્ધ છે. મરીઝ સાહેબની ‘હું ક્યાં કહું છું આપની હા હોવી જોઈએ...’, બેફામ સાહેબની ‘ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી...’, ઘાયલ સાહેબની ‘કાજળભર્યા નયનના કામણ મને ગમે છે...’, આદિલ મન્સૂરી સાહેબની ‘જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે...’ કે પછી ગની દહીંવાલા સાહેબની ‘દિવસો જુદાઈના જાય છે...’ જેવી અનેક અમર ગઝલો હંમેશાં તરોતાજા લાગે છે અને સૌને એક આનંદ અને શાતા આપતી રહે છે. પરંતુ હાલમાં આવી ગઝલોની પેરોડી જોવા, વાંચવા અને સાંભળવા પણ મળી. એ જોઈને સ્વાભાવિક રીતે જ ગ્લાનિ થઈ. ગુજરાતમિત્રના સુજ્ઞ વાચકોના ધ્યાન પર પણ આ વાત આવી જ હશે. મારા મતે આવી પેરોડી એ આપણા ગુજરાતી ગઝલસાહિત્યને પ્રાપ્ત થયેલી અનેક મૂળ અમર ગઝલોનું અપમાન છે. કેટલો બધો અભ્યાસ, કેટલું બધું અવલોકન અને કેટલી બધી સંવેદનશીલતા કેળવ્યા પછી એકાદ શેર આવતો હોય છે. અને એવા શેરની પેરોડી થાય એ બિલકુલ યોગ્ય નથી. નાઝિર દેખૈયા એમની એક અમર ગઝલમાં કહે છે કે, ‘ગગનવાસી ધરા પર બે ઘડી શ્વાસો ભરી તો જો...’ એમ કહેવાનું મન થાય કે એકાદ શેર સર્જી તો જુઓ. વાતનો સાર સ્પષ્ટ છે, ગુજરાતી ગઝલોની પેરોડી બંધ થવી જોઈએ.

**નવસારી- ઈન્તેખાબ અનસારી**

## સ્વભાવનો પ્રભાવ

ગુજરાતીમાં કહેવત છે “પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય” તેમ સંબંધો એકમેક સાથે બાંધવા માટે સ્વભાવ પર આધાર રાખે છે. જેનાં વાણી, વર્તન અને ચાલચલગત સારી, તેને સુશીલ અને સજ્જન વ્યક્તિ કહેવાય છે. પ્રેમથી બોલેલા બે શબ્દ, સૌ કોઈનું દિલ જીતી શકે છે. એક ઉદાહરણ આપું છું. એક ગામમાં બે ખેડૂત રહેતા હતા. બંનેની જમીન પણ બાજુ-બાજુમાં આવેલી હતી. પહેલો ખેડૂત મીઠી બોલી બોલે અને ખેતરમાં મજૂરો પાસે પ્રેમથી કામ કરાવે અને મજૂરોને પણ ખુશ રાખે. આથી ખેડૂતનું ઉત્પાદન સારું આવે. જ્યારે બીજો ખેડૂત સ્વભાવે તામસી અને કડક મિજાજનો હતો. ખેતરમાં કામ કરતાં મજૂરો સાથે ગાળાગાળી કરતો રહે. આથી ખેતીમાં ઉત્પાદન ઘટવા લાગ્યું અને આર્થિક રીતે દેવાદાર થઈ ગયા. જ્યારે પહેલા ખેડૂતની પ્રગતિ થવા લાગી હતી. આ બધો સ્વભાવનો પ્રભાવ હતો. સ્વભાવના પ્રભાવથી વ્યક્તિ જાજરમાન અને પ્રગતિશીલ બની શકે છે. આથી જીવનમાં ધન-સંપત્તિનો અભાવ હશે તો ચાલશે,પરંતુ સ્વભાવથી પ્રભાવશાળી બની શકાય.

**તરસાડા - પ્રવીણસિંહ મહીડા**

## એ જ સાચું શ્રાદ્ધ છે

અત્યારે શ્રાદ્ધ પક્ષ ચાલી રહ્યો છે અને ચારેય તરફ કાગડાઓને ખીર-પુરી ખવડાવવાની હોડ જામી છે. પરંતુ કડવી વાસ્તવિકતા એ છે કે ઘણાં પરિવારોમાં પિતૃઓ જીવતાં હતાં ત્યારે બે ટંક સુખેથી રોટલો અને બે મિનિટનો પ્રેમ પામવા તરસતાં હતાં. તેમના ફોટા આગળ આજે કાજુ-બદામની ખીરનો ભોગ ધરાવાઈ રહ્યો છે. ઘણાં પરિવારોમાં વડીલો જીવતાં હોય ત્યારે ઘરમાં એક ખૂણે એકલતામાં દિવસો કાપે છે. દીકરા-વહુ પાસે તેમની ખબર પૂછવાનો સમય નથી હોતો. ઘડપણમાં મા-બાપની દવાનો ખર્ચ ‘બોજ’ લાગે છે, પણ એ જ મા-બાપના મૃત્યુ પછી સમાજમાં પ્રતિષ્ઠા મેળવવા લાખો રૂપિયાના ભોજન સમારંભો યોજાય છે! જીવતા વડીલ પાણી માંગે તો વેતરાઈ જવાય છે અને મર્યા પછી એમના આત્માની શાંતિ માટે પિંડદાન થાય છે.જો ઘરમાં બેઠેલા જીવતા દેવ સમાન મા-બાપ દુઃખી હોય, તો કાગડો ગમે તેટલી ખીર ખાઈ જાય, પિતૃઓ સુધી ક્યારેય પહોંચવાનું નથી. શ્રાદ્ધનો અર્થ ‘શ્રદ્ધા અને આદર’ છે. જીવતેજીવ આદર ન આપી શક્યા, તો મર્યા પછીના તમામ નાટક માત્ર પાખંડ છે. જીવતાં મા-બાપના ચહેરા પર સ્મિત રાખવું એ જ સાચું શ્રાદ્ધ છે.

**સુરત - સુનીલ શાહ**

## વીરતાની પરાકાષ્ઠા

જે ક્ષણે મોત સામે ઊભું હોય, ત્યારે પોતે ઘાયલ હોવા છતાં ૧૭૪ અજાણ્યા મુસાફરોના જીવ બચાવવા માટે પોતાના પ્રાણની બાજી લગાવી દેવી - એ માત્ર ફરજ નથી, પણ વીરતાની પરાકાષ્ઠા છે. ગુજરાતી મૂળના કેપ્ટન સ્મિત મચ્છરે આકાશમાં સર્જાયેલી એ ભયાનક ક્ષણોમાં જે અદભૂત હિંમત, ધૈર્ય અને સમયસૂચકતા દાખવી, તેણે સમગ્ર દેશનું મસ્તક ગૌરવથી ઊંચું કરી દીધું છે. કેપ્ટન સ્મિતની શૂરવીરતાની તો નોંધ લેવી જ પડે, સાથે સાથે દરેક દેશવાસીઓના દિલને સ્પર્શી જાય તેવી બાબત એ રહી કે, દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ પોતાની તમામ વ્યસ્તતાઓ વચ્ચે પણ એક પિતા તુલ્ય વાલી બનીને હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા સ્મિત સાથે વીડિયો કોલ પર સીધો સંવાદ કર્યો અને તેમના ખબર-અંતર પૂછ્યા. એક ઘાયલ વીર પુત્રની આંખોમાં છલકાતાં અશ્રુ અને સામે પક્ષે દેશના વડાપ્રધાનના મુખેથી સરેલા સંવેદનશીલ શબ્દો હમ જાન લેને વાલે નહીં, જાન બચાને વાલે લોગ હૈ! આ દ્રશ્ય માત્ર એક સંવાદ નહોતો, પણ દેશ અને તેના આત્મસમર્પિત સેવક વચ્ચેનો એક અત્યંત ભાવુક સેતુ હતો.

**સુરત - ચારુલતા અનાજવાળા**